# "ગાંધી મારી નજરે" ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને આજે ઈનામ વિતરણ...

## પીટર રયુહેને "મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર"

રાજકોટ તા. ૨૧ : ગાંધી ઈન્ફોર્મેશન ઝેન્ટમ (બર્લિન) તથા ગાંધી રિસોર્સ એન્ડ એજયુકેશન સેન્ટર રાજકોટના સંયુકત ઉપક્રમે તાજેતરમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે "ગાંધી મારી નજરે" ચિત્ર સ્પર્ધાનું આયોજન થયુ હતું. સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરવા માટે આવતીકાલ તા. ૨૨મીએ બપોરના ૪ વાગે રાષ્ટ્રીય શાળાના મધ્યસ્થ ખંડમાં એક સમારંભ યોજાયો છે. આ પ્રસંગે ચિત્ર સ્પર્ધાના મુખ્ય સુત્રધાર ગાંધીવાદી જર્મન શ્રી પીટર રયુહેને "મહાત્મા ગાંધી સ્મૃતિ પુરસ્કાર" અર્પણ કરવામાં આવશે.



શ્રી પીટર રયુહે વિશ્વમાં ગાંધી વિચારધારાના પ્રચાર માટે ચિત્ર સ્પર્ધા, પ્રદર્શનો, ફિલ્મ, ટી.વી. તથા સાહિત્યના માધ્યમોનો ઉપયોગ કરે છે. તેમની ઉપરોકત પ્રચાર ઝૂંબેશના ભાગરૂપે અહીં યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં સૌરાષ્ટ્રના ૭૦૦ જેટલાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સર્વશ્રી પ્રભુદાસભાઈ ગાંધી, નરેન્દ્રભાઈ અંજારિયા, વિઠલભાઈ આહયા, આભાબેન ગાંધી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

ચિત્ર સ્પર્ધાનાં પાંચ શ્રેષ્ઠ ચિત્રો તથા જુદા-જુદા વિભાગના દરેકના દસ સ્પર્ધક મળી કુલ ૪૫ સ્પર્ધકોને ઈનામ વિતરણ કરવામાં આવશે. શ્રી પુરૂષોત્તમભાઈ ગાંધીના પ્રમુખસ્થાને યોજાનારા ઈનામ વિતરણ સમારંભમાં અતિથિવિશેષ તરીકે સર્વશ્રી હરસુખભાઈ તંબોલી, પ્રમોદભાઈ કલ્યાણી, તથા હાસ્ય લેખક પ્રદ્યુમન જોષીપુરા ઉપસ્થિત રહેશે. માજી શ્રમમંત્રી શ્રી મનસુખભાઈ જોષીના હસ્તે પીટર રયુહેને પુરસ્કાર અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે મેયર શ્રી વજુભાઈ વાળા ઉપસ્થિત રહેશે.



"ગાંધી મારી નજરે" ચિત્ર સ્પર્ધાની તસવીરમાં સ્પર્ધકો નજરે પડે છે.

પીટર રયુહે

PHULCHHAB, 22.2.92